
ફેબ્રુઆરી ૨૦૦૯
દાદા ભગવાન પરિવારનું
કિંમત રૂ.૧૦/-

# અક્રમ એક્સપ્રેસ



અક્રમ એક્સપ્રેસ

તંત્રી તથા સંપાદક :
ડિમ્પલભાઈ મહેતા
વર્ષ : ૧, અંક : ૬
સળંગ અંક : ૬
ફેબ્રુઆરી ૨૦૦૯

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદઃ (૦૭૯)
૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
રાજકોટ ત્રિમંદિર :
૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: 785-271-0869
U.K.: 07956476253
Website:
kids.dadabhagwan.org

Publisher,Editor & Printed, Published from
Dimplebhai Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
Print at:-
Amba Offset
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# અક્રમ એક્સપ્રેસ

## અભિમાન

### સંપાદકીય

બાળ મિત્રો, તમને બધાને એ અનુભવ તો હશે જ કે તમારો ફ્રેન્ડ કે કઝીન તમને મળવા આવે ત્યારે તમે નવી લીધેલી દરેક વસ્તુઓ એને ઉછળી ઉછળીને દેખાડો અને ખુશ થાઓ, ખરું ને ! પણ આને શું કહેવાય જાણો છો ?

માન? ના, અભિમાન. અભિમાન કરીને આપણે સામેવાળાને નીચો દેખાડવાનો પ્રયત્ન કરીએ છીએ, જેનાથી એને દુઃખ થાય છે. પરંતુ આ તરફ આપણું લક્ષ્ય જ હોતું નથી.

પ્રસ્તુત અંકમાં અભિમાન કોને કહેવાય એનું વિગતવાર વર્ણન દાદાશ્રીએ આપેલું છે.

ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા

| | |
|---|---|
| ૧. દાદાજી કહે છે... | ૧ |
| ૨. અભિમાનના જોખમો | ૨ |
| ૩. આ તો નવી જ વાત! | ૪ |
| ૪. અભિમાની ગુલાબ | ૬ |
| ૫. ચાલો રમીએ... | ૮ |
| ૬. તમારી જાતને ચકાસી જુઓ! | ૯ |
| ૭. જાત્રાની ઝલક | ૧૦ |
| ૮. મીઠી યાદેં | ૧૨ |
| ૯. પઝલના જવાબો | ૧૩ |
| ૧૦. મારી વાત | ૧૪ |



# દાદાજી કહે છે...



અભિમાન કોને કહેવાય ? પોતાની પાસે જે સાધન હોય એ લોકોને કહી બતાવે એને અભિમાન કહેવાય. એટલે આપણને સામે ચાલીને બતાડે કે 'જૂઓ, અમારું મકાન. આ ચાર બિલ્ડીંગ, આ બે અને પેલા બે અમારા છે'. એ બધું અભિમાન કહેવાય. આપણે પૂછીએ નહીં તોય દેખાડે. એ દેખાડે નહીં ત્યાં સુધી એના મનમાં ગલીપચી થયા કરે કે 'ક્યારે કહી દઉં' એ અભિમાન. અરે, ઊંચી જાતનાં દોઢસોના બૂટ લાવ્યો હોય તોય દેખાડી દે કે, ''જોયા મારા બૂટ?'' હવે તારા બૂટને મારે શું કરવા છે તે મને દેખાડ દેખાડ કરે છે ? પછી આપણે એને કહીએ કે, ''શું સરસ છે, બહુ સારા બૂટ લઈ આવ્યો છે.'' ત્યારે એને સંતોષ થાય. 'મારા જેવો કોઈ રૂપાળો નથી' એ બધું અભિમાનમાં ગયું.

અભિમાનમાં 'આપણું વધારે ઊંચું અને પેલાનું નીચું' એમ સામેવાળાને હલકો પાડવા પ્રયત્ન કરે. અભિમાન કરવા જેવું હોય તો જ્ઞાની પુરુષ એકલાએ કરવા જેવું હોય કે જે આખા બ્રહ્માંડનાં ઉપરી કહેવાય. ત્યારે એ અભિમાન કરતા નથી.

અભિમાનથી ઊંચો ચડી જાય એને કુદરત માર મારીને ઠેકાણે લાવે. એટલ બે-ચાર ગાડીઓ પોતાની પાસે હોય, પણ એનું અભિમાન ના કરાય. અભિમાન કરે કે જવાની તૈયારી થઈ. નમ્રતા રાખવી જોઈએ. જેમ જેમ આપણી પાસે સાધન સંપત્તિ વધે તેમ તેમ નમ્રતા વધવી જોઈએ. આપણા અભિમાનથી કોઈને દુઃખ થઈ ગયું તો આપણે એનું પ્રતિક્રમણ કરી લેવાનું. કોઈને દુઃખ ના થાય એવી રીતે આપણે પગલું ભરવું જોઈએ.




# અભિમાનના જોખમો

## કુળનું અભિમાન

ભગવાન ઋષભદેવના વખતની વાત છે. એમના પૌત્ર મરીચિએ ભગવાન પાસે દીક્ષા લીધી હતી. ગરમીના દિવસો હતા. ચક્રવર્તી રાજા ભરતના પુત્ર મરીચિ ભગવાન સાથે ભરબપોરે વિહાર કરી રહ્યા હતા. સૂર્યના કિરણથી તપી ગયેલા માર્ગ પર ચાલવાનું એમના માટે અસહ્ય થઈ રહ્યું હતુ. ગરમ પવન અગ્નિની જવાળાઓની જેમ એમના શરીરને બાળી રહ્યું હતુ. પરસેવાથી એમના શરીરમાંથી દુર્ગંધ આવી રહી હતી. આનાથી અકળાઈને એમને વિચાર આવવા લાગ્યા કે, 'મારાથી ચારિત્રવ્રત પાળવું મુશ્કેલ છે, અને તે છોડીને ઘરે પાછો જઉં તો કુળની આબરૂ જાય.' આમ વિચારી એમણે વચલો રસ્તો શોધી કાઢયો. થોડી છૂટછાટ સાથે તેઓ ચારિત્રવ્રત પાળવા લાગ્યા અને ભગવાનની સાથે સાથે વિચરવા લાગ્યા. ભગવાન જયાં સ્થિરવાસ કરે એ જગ્યાની બહાર એ પોતે રહે. આમ મરીચિ મુનિ પણ નહીં અને ગૃહસ્થ પણ નહીં પણ કોઈ નવીન વેષધારી થયો. લોકો જયારે એમની પાસે ધર્મ પામવા આવતા ત્યારે તે ખરો ધર્મ ભગવાન પાસે જ છે. એમ કહી એમની પાસે મોકલતા.

એક દિવસ ભરતરાજા ભગવાનના દર્શન કરવા આવ્યા. ભગવાનની દેશના સાંભળ્યા બાદ એમણે ખૂબ વિનયપૂર્વક ભગવાનને પૂછયું, ''આ ચોવીસીમાં તિર્થંકર થનાર કોઈ જીવ અહીં છે ?'' પ્રભુએ જવાબ આપ્યો,''આ તમારો મરીચિ નામનો પુત્ર છે તે આ જ ભરતક્ષેત્રમાં મહાવીર નામે ચોવીસમાં તિર્થંકર થશે. આ પહેલા એ ત્રિપુષ્ટ નામે વાસુદેવ થશે અને પ્રિયમિત્ર નામે ચક્રવર્તી પણ થશે.''



આ સાંભળી ભરતરાજા મરીચિને વંદન કરવા ગયા. વંદન કરતાં એમણે મરીચિને કહ્યું, ''તમે ત્રિપુષ્ટ નામે પ્રથમ વાસુદેવ થશો. પછી ચક્રવર્તી થશો અને ત્યાર બાદ ચોવીસમાં તિર્થંકર થશો. હું તમારા તિર્થંકર પદને વંદન કરું છું આમ કહી એમણે મરીચિની ત્રણ પ્રદક્ષીણા કરી એમને વંદના કરી પાછા ફર્યા.

રાજાની વાણી સાંભળી મરીચિ ખૂબ હર્ષ પામ્યા. તેઓ વિચારવા લાગ્યા, ''ઓહોહો ! હું સર્વ વાસુદેવોમાં પ્રથમ વાસુદેવ થઈશ. ત્યાર બાદ ચક્રવર્તી પણ થઈશ અને છેલ્લો તિર્થંકર થઈશ. મારા દાદા પ્રથમ તિર્થંકર છે. મારા પિતા પ્રથમ ચક્રવર્તી છે. તેથી મારું કુળ શ્રેષ્ઠ છે. જેમ સર્વ ગ્રહોમાં સૂર્ય અને તારામાં ચંદ્ર શ્રેષ્ઠ છે. એમ સર્વ કુળમાં મારું કુળ સર્વશ્રેષ્ઠ છે.'' આમ વિચારતા એ પોતાના કુળનું અભિમાન કરવા લાગ્યા. અભિમાનની તીવ્રતા એટલી વધી ગઈ કે ત્યારે ને ત્યારે જ એમણે નીચા કુળનું કર્મ બાંધી લીધું. એટલે કે બીજા ભવમાં એમનો જન્મ નીચા ( હલકા ) કુળમાં થયો.

જોયું મિત્રો, ઉંચા કુળનું અભિમાન એમને નીચા કુળમાં લઈ ગયું. આમ, અભિમાન કરવાથી અધોગતિ જ થાય છે.

## બાહુબળનું અભિમાન


ભગવાન મહાવીરના વખતની વાત છે. મગધ દેશના રાજા એક દિવસ શિકાર કરવા નીકળ્યા. જંગલમાં ફરતાં ફરતાં એમની નજર એક હરણ પર પડી. હરણને તાકીને એમણે જોરથી બાણ માર્યું. બાણ હરણને વીંધીને પાસેના ઝાડ પર ચોંટી ગયું. આ જોઇને રાજાને પોતાના બાહુબળ પર અભિમાન સ્ફૂરી આવ્યું. એ ખૂબ કૂદયા અને અહંકારથી બોલ્યા, ''જુઓ, જુઓ ! મારું બળ. બાણ હરણના પેટની પાર થઈને ઝાડમાં પેસી ગયું. મારા જેવો બળવાન આ જગતમાં કોઈ હશે ?'' આમ અભિમાનના તોરમાં તેઓ એ ભૂલી ગયા કે એમણે એક જીવની હિંસા કરી છે. એનું પ્રાયશ્ચિત કરવાની બદલે એમના બાહુબળ પર અભિમાન કરી પોતે જ પ્રશંસા કરી ખુશ થતા ગયા. આના પરિણામે એમણે ત્યારે જ નરકનું આયુષ્ય બાંધી દીધુ.

જોયું મિત્રો, અભિમાની માણસ હિતાહિતનું ભાન ભૂલી જાય છે અને પોતે જ પોતાની અધોગતિ નોતરે છે.

# આ તો નવી જ વાત!


મારા બે બંગલા છે, ત્રણ ગાડીઓ છે અને...
પોતાની જરૂરિયાત કરતાં વધારે વસ્તુ હોય અને એ દેખાડે, એ અભિમાન.


મારા જેવો હેન્ડસમ આખા સીટીમાં કોઇ નથી.
એનાં મનમાં એમ કે 'જો હું કેટલો સ્માર્ટ છું !' બધા કરતા પોતાને ઊંચો માને એનું નામ અભિમાન.


આ જો મારી મોટર સાયકલ. તારી સાયકલ પર તો તું કલાકમાં પણ સ્કૂલે નહીં પહોંચી શકે.
સામાને હલકો પાડવા પ્રયત્ન કરે, એનું નામ અભિમાન.
જોઈ ! આપણી નવી કાર ! આવી ગાડી તો મારા મિત્રોમાં કોઈ પાસે નથી !
પૂછીએ અને જવાબ આપે એ જુદુ છે. અને પૂછયા વગર જવાબ આપે એ અભિમાન !

# અભિમાની ગુલાબ

એક ઉપવનમાં વસંત ઋતુની સુંદર પ્રભાતે ગુલાબનું લાલ ફૂલ ખીલ્યું. એ ઉપવનમાં વિવિધ જાતનાં ઘણાં વૃક્ષ અને છોડ ઊગ્યા હતાં.

જ્યારે ગુલાબનું ફૂલ આજુબાજુ જોતું હતું ત્યારે તેની બાજુમાં ઉભેલા પાઈનવૃક્ષને તેની સુંદરતાનું આકર્ષણ થયું અને તેનાથી કહી જવાયું, ''કાશ! હું પણ આના જેવો સુંદર, આકર્ષણ ફૂલ બન્યો હોત ! '' આ સાંભળી બાજુમાં ઉભેલા વટવૃક્ષે કહ્યું, ''પાઈન તું દુઃખી થઈશ નહીં, બધા પાસે બધું નથી હોતું અને હોવું જરૂરી પણ નથી હોતું.''

એટલામાં ગુલાબે પોતાની ગરદન મરોડી અને માથું ઊંચું કરી કહ્યું, ''આ ઉપવનમાં હું સૌથી સુંદર છોડ છું'' દૂર ઊભેલા સનફ્લાવરે પોતાનું માથું ઊંચું કરી ગુલાબને કહ્યું, ''તું શા માટે આવું અભિમાન કરે છે ? આ ઉપવનમાં બીજા ઘણાય સુંદર છોડવાઓ છે. તું તેમાંથી એક છે.'' અભિમાની ગુલાબથી ચૂપ રહેવાયું નહીં અને એણે તુરંત જ પડકાર કર્યો. 'દરેક જણ આ ઉપવનમાં મને જ જોઈ રહ્યા છે અને મારી સુંદરતાની પ્રશંસા કરી રહ્યા છે' નજીકમાં બેઠેલા કેક્ટસ સામે જોઈ ગુલાબ કહે છે, 'જુઓ આ કાંટાળાને, કેવો કદરૂપી છે ! કોઈ એની સામે જોતું પણ નથી''.

ગુલાબની આવી કટુ વાણી સાંભળી પાઈનથી રહેવાયું નહીં એટલે એનાથી બોલાઈ જવાયું, 'લાલ ગુલાબ, તું શા માટે આવું કડવું બોલે છે ? કોણ નક્કી કરશે કે સૌંદર્ય એટલે શું ? અને કોણ સુંદર છે? તને કાંટા તો હોય છે જ ને !'

લાલ ગુલાબ આટલા શબ્દો સાંભળતાં જ છંછેડાઈ ગયો અને પાઈનને કહેવા લાગ્યો,''મને તો લાગતું હતું તમારી પસંદગીની કક્ષા ઊંચી છે. પણ તમને તો કોને સુંદર કહેવાય એ ખબર જ નથી. તમે મારી સરખામણી કાંટાળા કેક્ટસ સાથે ક્યારેય ન કરી શકો.''



ઓ...હો...કેટલું અભિમાની ફૂલ! ઉપવનમાં બધા વૃક્ષ અને છોડ એના વર્તનથી સ્તબ્ધ થઈ ગયા. આટલું અભિમાન સારું નહીં. કોઈવાર દુઃખી થવાનો વારો આવશે.

ગુલાબ તો પોતાના આવેશમાં અને સુંદરતાના ગર્વમાં પોતાના મૂળિયા કેક્ટસ પાસેથી હટાવવા મથ્યો, પણ તે શક્ય ન બન્યું. દિવસો પસાર થતા ગયાં. કેક્ટસની

બાજુમાં રહીને ગુલાબ રોજ એનું અપમાન કરે, ધુત્કારે, નફરતથી જુએ, અને અહંકારી ભાષાથી 'આ તો તદ્દન નક્કામું, ગુંદુ, બેડોળ છે. મારા કેવા કમભાગ્ય તે આની બાજુમાં હું સ્થાન પામ્યો, હવે કયારે આનાથી છૂટાશે...!'' એવો બળાપો કર્યા કરે. શાંત અને સહનશીલ કેક્ટસ જરાય ક્ષોભ પામ્યા વિના, દુઃખી થયા વિના, કે ''કુદરતે આ સૃષ્ટિના દરેક જીવને હેતુપૂર્વક સજાવ્યા છે અને તે બધા પરસ્પર એકબીજાને ઉપકારી છે.'' એવા વાર્તાલાપમાં ઉતર્યા વિના, પોતાની રીતે દિવસો પસાર કરતો હતો.



વસંત ઋતુ પૂરી થઈ ગઈ અને ગ્રીષ્મ ઋતુની શરૂઆત થઈ. ઉપવનનું વાતાવરણ ધીમે ધીમે ગરમીથી તપવા લાગ્યું. તરસ્યાં ઝાડ-પાન, પશુ-પક્ષી પાણીને ઝંખતા અને પાણીની શોધમાં ઉપવનમાં ભટકતાં. વરસાદનું આગમન થયું નહીં અને જીવો પાણી માટે પરેશાન થઈ ગયાં. લાલ ગુલાબ પણ બેહાલ દશામાં કરમાવા લાગ્યું. એક દિવસ ગુલાબના છોડે જોયું કે ચકલીઓ પોતાની ચાંચ કેક્ટસમાં ભરાવી તેમાંથી કાંઈક ચૂસી, ખુશ થઈ, ઊડી જતી હતી. આ દ્રશ્ય જોઈ લાલ ગુલાબ મુંઝાયું અને બાજુમાં ઊભેલા પાઈનને પૂછવા લાગ્યું કે આ ચકલીઓ શું કરી રહી છે ? ત્યારે પાઈને સમજાવ્યું કે કેવી રીતે આ ચકલીઓ કેક્ટસમાંથી પાણી ચૂસી, ખુશીથી ઊડે છે. લાલ ગુલાબને ખૂબ નવાઈ લાગી એટલે પૂછયું, ''આવું કરવાથી કેક્ટસને ઈજા નથી થતી ? દુઃખ નથી લાગતું ''? પાઈને કહ્યું ,''હા, ઈજા તો થાય પણ દુઃખ નથી થતું, ઉલ્ટું સુખ લાગે છે. કારણ, તરસી ચકલીની પ્યાસ બુઝાય છે ને ! ચકલી ખુશ થાય છે એટલે કેક્ટસ પણ ખુશ થાય છે.''


ગુલાબની આંખો આશ્ચર્યથી પહોળી થઈ જાય છે. ઓ...હો... કેક્ટસ પાસે આવા ધગધગતા ઉનાળામાં પણ પાણી છે ! પાઈન ગુલાબને કહે છે,''તને પણ જો પાણી પીવું હોય તો કેક્ટસને કહે. તે ચકલી દ્વારા તને પાણી મોકલાવશે'' આ શબ્દો સાંભળી લાલ ગુલાબનું મસ્તક શરમથી ઝૂકી ગયું. એને પોતાની કટુ વાણીના શબ્દો યાદ આવ્યા. કયા મોઢે એનાથી કેક્ટસ પાસે પાણીની માંગણી કરાય. છતાં હિંમત કરી, કેક્ટસની સહૃદયતા જોઈ ગુલાબે પાણીની માંગણી કરી. કેક્ટસે પ્રેમથી ચકલીઓને વિનંતી કરી. ચકલીઓ ચાંચમાં પાણી ભરી ગુલાબના છોડને પાણીથી ભીંજાવા લાગી.



આ દ્રશ્ય જોઈ ગુલાબનું હૃદય ભરાઈ આવ્યું. એને પોતાના વર્તનનો ખૂબ પસ્તાવો થયો. આંસુ સરી પડયાં. એને સમજાઈ ગયું કે બધામાં કોઈને કોઈ ગુણ રહેલા છે. પોતાના ગુણોને સર્વસ્વ માની ક્યારેય તેનું અભિમાન ન કરાય.

# ચાલો રમીએ...

(૧) બે સરખાં ડબ્બા શોધી કાઢો.




(૨) બાજુમાં આપેલ ચિત્રમાં તમે શોધી શકશો કે ક્યો ફુગ્ગો ક્યા વર્ષને લાગુ પડે છે?




(૩) નીચે આપેલ ૬ લીટીઓને એવી રીતે ગોઠવો કે જેથી કરીને દરેક લીટી બાકીની બધી લીટીને અડે.



# તમારી જાતને ચકાસી જુઓ!



રાધિકા બહુ સારું ગાઈ શકતી હતી. ઘરમાં, કુટુંબમાં અને સ્કૂલમાં બધાને જ એનો અવાજ બહુ ગમતો હતો. એ રોજ ગાવાની પ્રેક્ટિસ કરતી હતી. ધીમે ધીમે એ બધે પ્રખ્યાત થવા લાગી. એને નવરાત્રીના ગરબામાં, ભક્તિ-કાર્યક્રમમાં, બર્થ ડે પાર્ટીમાં, કલ્ચરલ શોમાં ગાવા માટે આમંત્રણ આવવા લાગ્યા. પ્રખ્યાતિથી ધીમે ધીમે એ પોતાની જાતને દુનિયાની સારામાં સારી ગાયિકા માનવા લાગી. એનો વ્યવહાર બીજા સાથે તોછડો થતો ગયો. એ મિત્રોને હલકી દૃષ્ટિથી જોતી થઈ ગઈ, વડિલોનું અપમાન કરતી થઈ ગઈ અને ઓછી આવડતવાળાની મશ્કરી કરતી થઈ ગઈ.

એક દિવસ એને બર્થ ડે પાર્ટીમાં ગાવાનું આમંત્રણ આવ્યું. દર વખતની જેમ એણે ખૂબ સરસ ગાયું. લોકોએ એને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી અને ખૂબ અભિનંદન આપ્યા. રાધિકા તો જાણે હવામાં ઉડવા લાગી. લોકોએ એને ખૂબ આગ્રહ કરી કરીને જમાડી અને આઈસ્ક્રીમ ખવડાવ્યો.

બીજે દિવસે એનો અવાજ બેસી ગયો. બે જ દિવસમાં ટી.વી. પર એક ગાવાની હરિફાઈનો પ્રોગ્રામ હતો. એમાં એણે ભાગ લીધો હતો. અવાજ બેસી જવાથી એ પ્રેક્ટિસ કરી શકતી ન હતી. એ તરત ડૉક્ટર પાસે ગઈ અને દવા લીધી પણ એના અવાજમાં કોઈ ફેરફાર ન થયો. રાધિકા નર્વસ થઈ ગઈ. એને એનું નામ પ્રોગ્રામમાંથી કેન્સલ (રદ) કરાવી નાખવું પડ્યું.

એ દિવસે એને સમજાયું કે સારો અવાજ એ એની પોતાની આવડત નથી પણ કુદરતી બક્ષિસ છે. એનું ક્યારેય અભિમાન ન કરવું જોઈએ. અભિમાન કરવાથી મળેલી સિધ્ધિનો નાશ થાય છે

વાર્તા ઉપરથી ખાલી જગ્યામાં નીચેના શબ્દો પૂરો.

(૧)સારો અવાજ એ ................ છે.

(૨)અભિમાની માણસ ................ ભૂલી જાય છે.

(૩)અભિમાન કરવાથી મળેલી સિધ્ધિ ............... પામે છે.

(૪)અભિમાની માણસ બીજાને ................... ગણે છે.

(૫)કોઈ પણ આવડત ઉપર ક્યારેય ................ ન કરવું જોઈએ.




# જાત્રાની ઝલક

મિત્રો... તમને ખબર છે ? દાદા ભગવાન પરિવારે જાત્રા માટે એક સ્પેશિયલ (ખાસ) ટ્રેઈનનું આયોજન કર્યું હતું, જેમાં ૧૧૦૦ મહાત્માઓએ પૂજયશ્રી દીપકભાઈની સાથે દક્ષિણ ભારતની રસપ્રદ જગ્યાઓની મુલાકાત લીધી. મહાત્માઓ લાડથી આ ટ્રેઈનને 'અક્રમ એકસપ્રેસ' કહી બોલાવતા હતા, જે નામ આપણા મેગેઝિનનું છે અને જે તમે અત્યારે વાંચી રહ્યા છો !




યાત્રાની શરૂઆત ખૂબજ ઉત્સાહ સાથે થઈ. ટ્રેઈનમાં દરરોજ મિષ્ટાન-ફરસાણથી ભરપૂર સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવતું, જે ખાતા ખાતા અમે થાકી ગયા ! અમને દરરોજ પૂજયશ્રીનો સત્સંગ દરેક ડબ્બામાં ગોઠવેલા સ્પીકર દ્વારા મળતો. વળી જુદા જુદા સ્ટેશને જયાં ટ્રેઈન વધારે ઊભી રહેતી ત્યાં પૂજયશ્રીનાં દર્શન પણ થતા. મને એવું લાગતું હતું કે જાણે બધો વખત પૂજયશ્રી મારી સાથે જ છે. ટ્રેઈનમાં અમે અમારો સમય વિધિઓ, ભક્તિ અને એક છેડાથી બીજા છેડા સુધી ચાલતા જઈ, બધાનાં શુદ્ધાત્માનાં દર્શન કરવામાં પસાર કર્યો. સવારે અમે 'દાદા ભગવાનનાં અસીમ જય જયકાર હો' ની ધૂન સાથે ઊઠી જતા. ખરેખર ! અદ્‌ભૂત આનંદનો અનુભવ થતો હતો !

અમારું પહેલું સ્ટોપ આંધ્રપ્રદેશમાં આવેલું તિરૂમાલા સ્ટેશન હતું. ત્યાં અમે જુદા જુદા મંદિરોની મુલાકાત લીધી. તિરૂપતિ બાલાજીનાં દર્શન માટેની લાઈન તો એટલી લાંબી હતી કે, એવું લાગતું હતું કે ભગવાન કયારે દેખાશે ? કયારે દેખાશે ? પણ પછી ફક્ત ૨ થી ૩ કલાકમાં તિરૂપતિ બાલાજીનાં ભવ્ય દર્શન થયા. અહીં દર્શનાર્થીઓ આખી રાત લાઈનમાં ઊભા રહેતા હોય છે. જયાં દરરોજ લગભગ ૪૦,૦૦૦ માણસો ફક્ત થોડી સેકંડ માટે જ બાલાજીનાં દર્શન કરી શકે છે ત્યાં આપણા પૂજયશ્રીને પૂરી ૨૦ મિનિટ સુધી દર્શન કરવા મળ્યા !!! તેઓએ પૂજા આરતી વગેરે કર્યા અને ભાવ પ્રતિષ્ઠા કરી જગત કલ્યાણ માટે પ્રાર્થના કરી. મહાત્માઓ આ સાંભળી ખૂબ જ ખુશ થયા. ત્યાનાં રિવાજ પ્રમાણે, ઘણા મહાત્માઓએ માથે મુંડન કરાવ્યું હતું.





ત્યાંથી અમે કર્ણાટક રાજયમાં આવેલાં 'શ્રવણ બેલગોલા' તીર્થમાં ગયા. ત્યાં ૬૦૦ પગથિયા ચડી પર્વત ઉપર ગયા. ત્યાં ૭૦ ફૂટ ઊંચી બાહુબલિજીની (ઋષભદેવ ભગવાનના પુત્ર ) પ્રતિમા જોઈ. પૂજયશ્રી ડોલી માં બેસીને ઉપર આવ્યા. ત્યાંની સંસ્કૃતી પ્રમાણે પૂજયશ્રીએ ત્યાં ધોતીને ખેસ પહેરી બાહુબલિજીની પૂજા-આરતી કરી એમને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. ત્યાર પછી પૂજયશ્રીએ અમને બાહુબલિજીની વાર્તા કહી અને બધાએ સાથે ત્યાં પ્રાર્થના કરી.


શ્રવણબેલગોલા-બાહુબલિજીની પૂજા કરતાં પૂજયશ્રી


બાહુબલિજીની વિરાટ પ્રતિમા

અમારું હવે પછીનું સ્ટોપ મૈસુર હતું. અમે ત્યાંના રાજા ટીપુ સૂલતાનનો મહેલ (પેલેસ) કે જે મ્યૂઝિયમમાં બદલી નાખવામાં આવ્યો છે, તે જોવા ગયા. પેલેસ બહુ મોટો હતો અને તેની દિવાલો પર દેવીઓનાં તેમજ ઐતિહાસિક ચિત્રો (પેઈન્ટીંગ્ઝ) હતા. ત્યાં એક સોનાનું ૮૦ કિલો વજનનું સિંહાસન જોયું, મોટા ઉત્સવો દરમ્યાન રાજા હાથી ઉપર, આ સિંહાસન પર બેસીને ભાગ લેવા આવતા. પૂજયશ્રીએ બધાને મહેલનાં ગાર્ડનમાં દર્શન આપ્યાં.

ત્યાંથી અમે કેરાલા રાજયમાં આવેલા એક હિલ સ્ટેશન મુન્નાર ગયા. ત્યાં અમે ચાના બગીચાથી છવાયેલી ઘણી બધી ટેકરીઓ જોઈ. રસ્તામાં અમે (ફોલ્સ) ધોધ જોયા. અમે ચાના બગીચાનો ઈતિહાસ બતાવતું મ્યૂઝિયમ અને એક ડેમ જોયો. ત્યાં મહાત્માઓએ 'સ્પીડ બોટ' માં બેસવાનો આનંદ લીધો. 'ઈકો પોઈન્ટ' ઉપર ઘણાએ 'શુદ્ધાત્મા','દાદા' ,'નિરુમા', વગરે જોરથી બોલીને પડઘાનો આનંદ લીધો. ત્યાં રોજ સાંજે પૂજયશ્રીનો સત્સંગ થતો. સત્સંગમાં પૂજયશ્રી બધાને ખૂબ હસાવતા. એક રાત્રે અમે મોટા કેમ્પફાયરની આજુ-બાજુ ગરબા લીધા.


મુન્નારમાં બોટીંગ

અમારું હવે પછીનું સ્ટેશન કોચીન હતું. ત્યાં અમે, અરબી સમુદ્રમાં કલાકની ફેરી બોટિંગ કર્યુ. બે ડોલ્ફિન માછલી જોઈને અમને ઘણી મજા પડી. કોચીનમાં જ્ઞાનવિધિ દરમ્યાન મંદિરનાં પ્રાંગણમાં ૫૦૦ જેટલા નવા મુમુક્ષુઓએ ત્યાં જ્ઞાન લીધું.

ત્યાર પછી કોચીનથી અમદાવાદ પહોંચતા સુધી અમે ૪૯ કલાક ટ્રેઈનમાં પસાર કર્યા. ટ્રેઈનમાં અમે ભક્તિ કરી, પદો ગાયા, એકબીજાને અનુભવો કહ્યા અને ખૂબ મજા કરી. મને એવું લાગ્યું કે આ અગિયાર દિવસોમાં અમને જ્ઞાનીના સાનિધ્યમાં, જ્ઞાનીની છાયામાં રહેવા મળ્યું. બધા મહાત્માઓએ જાણે મહાવિદેહ ક્ષેત્રમાં રહેતા હોઈએ, એવો આનંદ અનુભવ્યો. આ જાત્રા તો ખરેખર જેકપોટ હતી !!! હું તો હમણાંથી જ બીજી જાત્રા કયારે થશે, તેની રાહ જોઉં છું અને મને આશા છે, તમે પણ મારી સાથે જોડાશો !

# મીઠી યાદેં



નીરુમા સાથેની ઔલીની જાત્રાનો એક પ્રસંગ છે. ઔલી એ ભારતના ઉત્તરાંચલ રાજ્યમાં આવેલું છે. શિયાળામાં આ શહેર બરફથી છવાયેલું હોય છે. ઔલીમાં રોપ વેથી ઉપર જઈ ૧ કિ.મી. જેટલું ચાલી, હોટલ સુધી જવાનું હતું. સાંજે ચારેક વાગ્યાથી રોપ વેમાં જવાનું શરુ કર્યું, બે ગ્રુપ ઉપર પહોંચ્યા ત્યાં સુધીમાં તો ૬ વાગી ગયા અને અંધારું ઘોર થઈ ગયું. ૬ વાગે આટલું બધું અંધારું થઈ જાય છે એવો ખ્યાલ ન હોવાથી રોપવે સ્ટેશનથી હોટલ સુધી વચ્ચે ગાઈડની કે લાઈટની કોઈ વ્યવસ્થા કરાઈ ન હતી. નીરુમા સહિત બે ગ્રુપના મહાત્માઓ હોટલે પહોંચી ગયા. પણ છેલ્લુ ગ્રુપ રોપ વે સ્ટેશન પર અટકી ગયું. ત્યાં તો લાઈટ ગઈ. એટલે થોડું ઘણું દેખાતું હતું એ પણ બંધ થઈ ગયું. ચારે બાજુ બરફ. જાણે મધદરિયે ખોવાયેલા દિશા શોધવા ગોથા ખાઈ રહ્યા હોય એવી હાલત થઈ ગઈ. સમય પસાર થઈ રહ્યો હતો. નીરુમા હોટલમાં બેઠા બેઠા મહાત્માઓની રાહ જોઈ રહ્યા હતા. એમણે એક આપ્તપુત્રને કહ્યું, ''જા, હોટલવાળાને કહે ફાનસ કે એવું કંઈ લઈને મહાત્માઓને લઈ આવે, બિચારા બધા રસ્તામાં ભૂલા પડશે અને હેરાન હેરાન થઈ જશે.'' આપ્તપુત્ર મૂંઝાયો. એને થયું, અહીં ફાનસ જેવું કંઈ મળે એવું છે નહીં અને પોતે મહાત્માઓને શોધવા નીકળે તો પોતે જ ખોવાઈ જાય એવું હતું. તેથી એમણે નીરુમાને વિનંતી કરી, 'નીરુમા, તમે દાદાને પ્રાર્થના કરોને કે મહાત્માઓ બધા હેમખેમ અહીં પહોંચી જાય.'' નીરુમા બધાની વચ્ચે બેસી દાદાને પ્રાર્થના કરવા લાગ્યા. જે ક્ષણે એમની પ્રાર્થના પૂરી થઈ એ જ ક્ષણે લાઈટ આવી અને એ જ ક્ષણે મહાત્માઓનું ત્રીજુ ગ્રુપ 'જય સચ્ચિદાનંદ' ના મોટા અવાજ સાથે હોટલમાં દાખલ થયું. આ જોઈ બધા જ ભાવવિભોર થઈ ગયા.

ઘણું મોડું થઈ ગયું હતું. નીરુમા ખૂબ થાકી ગયા હતા. પણ ભૂલા પડેલા મહાત્માઓનો થાક ઉતરી જાય અને ફ્રેશ થઈ જાય એ માટે એમણે કહ્યું, 'ચાલો, બધા ભક્તિ કરીએ' એમ કહી ભક્તિની ધૂન જમાવી. નીરુમા પણ ત્યાં જ બેઠા. વાતાવરણ આનંદમય બની ગયું.

જોયું મિત્રો, નીરુમા મહાત્માઓનું કેટલું ધ્યાન રાખતા હતા. મહાત્માઓને અડચણ પડે એ નીરુમાને જરાય ગમતું નહીં. મહાત્માઓના આનંદ ખાતર નીરુમા બધું જ કરી છૂટતા. ત્યારે એ પોતાની જાતનો પણ વિચાર કરતા નહીં.પ્ર

# પઝલના જવાબો

(૧) ૩ અને ૭ સરખા છે.

(૨)
૨૦૦૯ - લીલો ફુગ્ગો
૨૦૧૦ - વાદળી ફુગ્ગો
૨૦૧૧ - કેસરી ફુગ્ગો

(૩)



**તમારી જાતને ચકાસી જુઓ!**

(૧) કુદરતી બક્ષિસ, (૨) વિનય, (૩) નાશ, (૪) હલકા, (૫) અભિમાન.

## મારી સમજણ

**પહેલા ધોરણથી અત્યાર સુધી દર વર્ષે તમે વર્ગમાં પ્રથમ નંબરે જ પાસ થયા છો. આ વર્ષે તમારા વર્ગમાં નવો વિદ્યાર્થી આવ્યો, જે ભણવામાં નબળો છે. એને તમારી સાથે મિત્રાચારી કરવી છે. તમારું વર્તન એની સાથે કેવું હશે તે જણાવો.**

**આપના જવાબ અમને આ મહિનાની ૨૫ તારીખ સુધીમાં મોકલી આપશો.**

---

નીચે આપેલ એક શબ્દમાં બે શબ્દો છૂપાયેલા છે, તે બે શબ્દો ક્યા છે તે શોધી કાઢો. તેનો જવાબ સૌથી નીચેની લાઇનમાં અરીસા સામે આ પાનાને રાખીને જોવા મળશે.





GOOD EVIL OPTICAL ILLUSION

Akram Express
February 2009
Year : 1, Issue : 6
Conti. Issue No.: 6

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

## મારી વાત

'હું મોટી થઈને શું બનીશ ?' એ વિષય પર ચિત્ર દોરવાની મારી સ્કુલમાં સ્પર્ધા હતી. મને સમજ નહોતી પડતી. પણ અક્રમ એક્સપ્રેસ વાંચતાં મે તેમાં એવી છોકરીનું ચિત્ર જોયું કે જે વિચારતી હતી કે, 'હું કોઈની મદદ નહીં કરું. હું મારું જ કામ કરીશ.' તેના પરથી મને સુઝ પડી કે મારે તો આવું નથી કરવું. મારે તો બધાની મદદ કરવી છે. તેના પરથી મેં એ જ છોકરીનું ચિત્ર દોર્યું. અને લખ્યું કે 'હું બધાને મદદ કેવી રીતે કરી શકું ?' આ સ્પર્ધામાં ક્લાસમાં મારો પહેલો નંબર આવ્યો. આ ચિત્ર દોરવાથી મને, હું ગમે તે બનું, પણ બીજાની મદદ કરવાના ભાવ થયા.

નામ: ભૂમિ વાડદોરિયા, સીમંધર સીટી.

## ગયા અંકની કલમ 'મારી સમજણ'નો પ્રતિભાવ

મારા બધાજ ફ્રેન્ડસ ભેગા મળીને આઈસક્રીમ ખાવા ગયા. અને મને બોલાવાનું ભૂલી ગયા. હું બીજા દીવસે તેમને કહીશ કે કાંઈ વાંધો નહીં તમે મને બોલાવતા ભૂલી ગયા. મને જરાય ખોટુ નથી લાગ્યું અને હું મારા મનમાં રાખીશ કે મારા સંજોગ આઈસક્રીમ ખાવાના અને ફ્રેન્ડસ સાથેના નહીં હોય અને જે બન્યું તે જ ન્યાય.

નામ: શ્રુતિ વ્યાસ, અમદાવાદ.

## ખુશખબર... ખુશખબર... ખુશખબર

મહાત્માઓ જેની ઘણા સમયથી રાહ જોઈ રહ્યા છે એ દાદાઈ સ્કૂલ જૂન, ૨૦૦૯ થી શરૂ થઈ રહી છે. જેનું નામ છે, 'અંબા સ્કૂલ ફોર એક્સલન્સ'.

ભણતરનું માધ્યમ - ગુજરાતી.

ધોરણ - બાળમંદિર થી ધોરણ ૭

આ માટેના એડમિશન ફોર્મ ૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૯ થી સીમંધર સીટી, ગુરૂકૂળથી પ્રાપ્ત થશે.

સંપર્ક સૂત્ર - (૦૭૯) - ૩૯૮૩૦૮૮૮.

મિત્રો, તમને કેવી સ્કૂલમાં ભણવું ગમે? એ અમને જરૂર લખી મોકલશો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.